
# ચિલોડામાં સ્થળ પર જ વિજબીલની પ્રિન્ટ કાઢી અપાતા ગ્રાહકોમાં કૂતુહલ

**એટીએમ, બસ ટીકીટ તથા ખરીદીના બિલ જેવા આ બિલ લોકોને અટપટા લાગ્યા, વિજકંપનીનો આ અખતરો ગ્રાહકો માટે ખતરો હોવાની ચર્ચાઓ**

ગાંધીનગર, તા. ૩૦

ચિલોડા વિસ્તારમાં વીજકંપનીએ એક નવો પ્રયોગ કરી ગ્રાહકોને સ્થળ ઉપર જ પ્રિન્ટ કરી વિજબીલ પકડાવી દીધા છે. જો કે અટપટા અને લાંબાલચક બિલમાં કંઈજ સમજ ન પડતાં ગ્રાહકોમાં વિટંબણા પેદા થઈ છે. શુદ્ધ ગુજરાતીમાં વિગતવાર અને ટકાઉ બિલના આગ્રહી ગ્રાહકો ઉપર વિજકંપનીનો આ અખતરો અનેક પ્રશ્નોનો સર્જક બન્યો છે.

ચિલોડામાં ઘેર ઘેર કંડકટર જેવુ મશીન લઈને આવેલા વીજ મીટર રીડર મશીનથી રીડીંગનો ફોટો પાડી ઓટોમેટીક તમામ વિગતો સાથે સ્થળ ઉપર જ પ્રિન્ટ કાઢીને ગ્રાહકોને આપી રહ્યા છે. એટીએમ, બસ ટીકીટ કે મોલમાં ખરીદી પછી અપાતા બિલ જેવા આ બિલથી વિજગ્રાહકોમાં કૂતુહલ પેદા થયુ છે. લાંબા અને ટુંકા હલકી ગુણવત્તાવાળા કાગળનો આ વીજબિલ આપવામાં ઉપયોગ થયો હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઓછુ ભણેલા લોકોને સંપુર્ણ અંગ્રેજીમાં તમામ વિગતો પુરી પાડી




વિજબીલ અપાતા રોષ ફાટી નીકળ્યો છે.

વધુમાં આ અપાયેલા વિજબીલની પ્રિન્ટશાહી આપોઆપ ભુંસાઈ જતી હોવાની શંકા પણ ગ્રાહકોએ કરી છે. જેમાં સરકારી કે અન્ય જગ્યાએ પુરાવા તરીકે વિજબિલનો આગ્રહ રખાય છે. જેમાં હાલમાં અપાયેલા વીજબિલ તદ્દન અયોગ્ય હોવાની ચર્ચાઓ પણ થઈ રહી છે.

ફાઈલમાં જાળવી રાખવા માટે પણ આ બિલ સહેજે ચાલે તેમ ન હોવાનું લોકો જણાવી રહ્યા છે. વિજકંપનીએ ગ્રાહકો ઉપર કરેલો આ અખતરો ખર્ચ બચાવવા કર્યો છે કે પછી ગ્રાહકોને શ્રેષ્ઠ સુવિધા મળે તે માટે કર્યો છે તેવા વેધક પ્રશ્નો પણ પેદા થયા છે. એકંદરે અગાઉ અપાતા વિજબિલો હાલના બિલ કરતાં શ્રેષ્ઠ હતા તેવુ લોકો જણાવી રહ્યા છે. તેમજ વિજકંપની જુના બિલનો કાગળનો ખર્ચો પણ વિવિધ જાહેરાતો દ્વારા મેળવતી હતી. તો પછી આ ફેરફારથી કોને ફાયદો કરાવવા કે કરવા કર્યો તે સવાલ લોકોમાં ઉભો થયો છે.



સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારની હદના સાદરા ગામે મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની પોલીસ ઈન્સ્પેક્ટર એલ.ડી. વાઘેલાએ મુલાકાત લઈ મહાવિદ્યાલયના સભાખંડમાં હાજર શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓને પ્રવચન આપ્યુ હતુ. પોલીસ સ્ટેશનમાં થતી કામગીરીથી તેમજ પો.સ્ટે. ખાતે ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી બાબતે જરૂરી માહિતી પણ પુરી પાડી હતી. તથા ટ્રાફીકને લગતા નીતિ નીયમોની કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા હતા. જેમાં વાહન અકસ્માતના બનાવો બનતા અટકે તે માટે ટ્રાફીકના નીતિનિયમોનું પાલન કરી વાહન હંકારવા બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તેમજ વાહનચાલકોને હેલ્મેટ તેમજ શીટ બેલ્ટની ઉપયોગ કરવા અને હાઈવે અકસ્માત રોકવા માટે તેમજ આરટીઓના નિયમોનું પાલન કરી પોતાનું વાહન હંકારવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

# જિલ્લામાં ૪૭૦૦ નવસાક્ષરોની ૨૧મી ઓગષ્ટે પરીક્ષા યોજવામાં આવશે

**દહેગામમાં સૌથી વધુ પરીક્ષાર્થી, માણસામાં સૌથી ઓછા, કલોલ-ગાંધીનગરમાં સરખે સરખા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૪૭૦૦ જેટલા નવસાક્ષરો આગામી ૨૧મી ઓગષ્ટે યોજાનાર સાક્ષરતાની કસોટીમાં પરીક્ષાર્થી તરીકે જોડાશે.

જિલ્લામાં ૨૧મી ઓગષ્ટે યોજાનાર આ પરીક્ષા માટે નિરંતર શિક્ષણ યોજના અંતર્ગત તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે પરીક્ષાર્થીઓને QAR Sheet માં પરીક્ષા આપવાની રહેશે.

જિલ્લામાં સાક્ષરતા અભિયાન માટે સરસ્વતી યાત્રાનું સંચાલન કરવામાં પણ આવી રહ્યુ છે. આ પરીક્ષાર્થીઓની પરીક્ષા માટે જિલ્લા કક્ષાની એક ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. એટલુ જ નહિ આ માટે બોર્ડની કે અન્ય જાહેર પરીક્ષા જેટલી જ તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આખા રાજ્યમાં ૧૨ લાખ જેટલા નવ સાક્ષરો આ પરીક્ષા આપવાના છે. આ માટેની જરૂરી તૈયારીઓ આરંભી દેવા માટેની સૂચના સરકાર તરફથી જ મળતાં જ તંત્ર હરકતમાં આવ્યુ છે. સાત અધિકારીઓની સમિતિ દ્વારા આ પરીક્ષાનું સંચાલન જિલ્લા કક્ષાએ કરવામાં આવશે.

રાજ્યમાં સાક્ષરતા મિશનની કામગીરી જે ધીમી ગતિએ ચાલી રહી છે તેને લઈ કેન્દ્રના તત્કાલીન મંત્રી સ્મૃતિ ઈરાનીએ અત્યંત નારાજગી વ્યક્ત કરી રાજ્ય સરકારને પત્ર લખ્યો હતો જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે આ પરીક્ષામાં ગાંધીનગરમાં ૧૨૦૦, માણસામાં ૯૩૦, કલોલમાં ૧૨૦૦ અને દહેગામમાં ૧૪૦૦ જેટલા પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

## જીઆઈપીએસમાં ધૂમ્રપાન નાબુદ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે આયુષ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા કેન્સર નિદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક ફિલ્મ દ્વારા કેન્સર શાના કારણે થાય છે. તેના કારણો અને તેની સમજ આપવામાં આવી હતી. તેમજ ધુમ્રપાન, નસીલા પદાર્થોના સેવનથી કેન્સર જેવી બિમારી થાય છે અને માણસને જીવતા જીવત તેની જિંદગીને નર્કસમાન બનાવી દે છે આ અંગે પણ યોગ્ય સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ જો કેન્સરનું સમયસર નિદાન સારવાર અને યોગ્ય સારવાર આપવામાં આવે તો માણસની મૂલ્યવાન જીંદગી બચી શકે છે. તથા વ્યસનમુક્તિના ઉપાયોની પણ સમજ આપવામાં આવી હતી.




શહેરને પ્લાસ્ટીક મુકત કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરને પ્લાસ્ટીકના પ્રદુષણથી દુર રાખવા માટે પ્લાસ્ટીક થેલીનો ઉપયોગ ટાળે અને આ માટે જાગૃત થાય તેવા આશયથી શહેર વસાહત મહામંડળ દ્વારા તાજેતરમાં સે-૨૧ સ્થિત શાકમાર્કેટ વિસ્તારમાં મુલાકાતીઓને ગુલાબ આપી પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ન કરવા અનોખી ગાંધીગીરી અપનાવી હતી. મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સીતારામ પટેલ ફાયર ઓફિસર મહેશ મોડ તેમજ જયોતિ મહીલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી અને ચેતના બુચે મુલાકાતીઓને કાપડની થેલીનુ વિતરણ કર્યુ હતુ.

## ખૂણે ખાંચરેથી...

- આજે ગાંધીનગર શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠકો પંચાયત પરિષદ ખાતે મળશે.
- ગાંધીનગર જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠક કલોલ ખાતે આજે યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે થયેલ સાર્વત્રિક વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.
- જિલ્લા વિકાસ અધિકારી દિપેશ દેસાઈ તેમની તાલિમમાંથી પરત ફર્યા છે અને સોમવારે હાજર થઈ જશે.
- ''આદર્શ ગામ સાંસદનું'' સાંસદ પરેશ રાવલે આજે જાખોરા ખાતે પાણીની ટાંકી તેમજ એલ.ઈ.ડી. લાઈટના પ્રોજેક્ટસ કાર્યરત કર્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રશિક્ષણ વર્ગમાં ૨૦૦થી વધુ કારકર્તાઓ જોડાયા છે.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા પરંતુ દિવસે વરસાદે વિરામ લેતાં અને સૂરજ નિકળતાં પાણી સુકાવા માંડ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં ૧૫મી ઓગષ્ટ પૂર્વે વિકાસ કામોના લોકાર્પણના કાર્યક્રમો યોજવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. દરેક વિભાગ પાસેથી આ માટેના અહેવાલો માંગવામાં આવ્યા છે.

# પ્રેસ સર્કલ પાસે પ્રેમિકાએ પ્રેમીને ગુપ્તી ભોંકી દીધી

**પ્રેમી સાથે કોઈ વાતે માથાકુટ થતા ઘ-૭ પાસે આવીને પ્રમિકાએ જાહેરમાં ગુપ્તી મારી : પ્રેમી ઘાયલ : પોલીસ ફરીયાદ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા ગોકુળપુરા વિસ્તારના પ્રેમી સાથે કોઈ બાબતે માથાકુટ થતા આજે પ્રેમિકા વિફરી હતી. ઘ-૭ ખાતે પ્રેસ સર્કલે આજે પ્રમિકાએ પ્રેમીને ગાળો ભાંડ્યા બાદ ગુપ્તી ફેફસાના નીચેના ભાગે ભોંકી દીધી હતી. ઘાયલ થયેલા પ્રેમીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સે. ૨૧ પોલીસે પ્રેમીની ફરીયાદને આધારે પ્રેમીકા સામે ગુનો દાખલ કરી તપાસનો દૌર શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોકુળપુરા વિસ્તારમાં રહેતા વિષ્ણુ સવજીભાઈ રાવળ અને પેથાપુર પટેલવાસ ખાતે રહેતી યુવતી મુલતાની બસરૂનબેન બંને વચ્ચે એકાદ વર્ષથી પ્રેમ સંબંધ હતો. તાજેતરમાં બંને વચ્ચે કોઈ વાતે માથાકુટ થતા પ્રેમીકા રોષે ભરાઈ હતી. આજે ઘ-૭ પ્રેસ સર્કલ પાસે પ્રેમી વિષ્ણુ રાવળ ઉભો હતો ત્યારે પ્રેમીકા ત્યાં પહોંચી ગઈ હતી અને ગાળાગાળી થયા બાદ પ્રેમીકાએ ધારદાર ગુપ્તી પ્રેમી વિષ્ણુના પેટના ભાગે ભોંકી દીધી હતી.

ગુપ્તી વિષ્ણુના ફેફસાના નીચેના ભાગે વાગતા તાત્કાલિક હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. આ બંને વચ્ચે કોઈ વાતે માથાકુટ થઈ તે બાબત સ્પષ્ટ થઈ નથી. ઘાયલ વિષ્ણુની ફરીયાદ લઈને સે. ૨૧ પોલીસે પ્રેમીકા સામે આપીસી કલમ ૩૨૪, ૫૦૪, જીપી.એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી પીએસઆઈ બી.જી. યાદવે ઊંડી તપાસ આરંભી છે.

# શહેરની પ્રાથમિક શાળાઓમાં વ્યસન મુક્તિની ''ગુંજ''

**ગુંજ ફાઉન્ડેશન દ્વારા એક માસમાં સતત ત્રીજી શાળામાં વ્યસન મુક્તિ જાગૃતિ અભિયાન છેડાયુ : સે. ૨૧ની પગાર કેન્દ્ર શાળામાં ''સૂરી'' ટીવી સિરિયલના જનક ઠક્કર ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં ગુંજ ફાઉન્ડેશનની વ્યસન મુક્તિ ઝુંબેશની ''ગુંજ'' ગુંજી રહી છે. છેલ્લા એક માસમાં સતત ત્રીજી સરકારી પ્રાથમિક શાળામાં ગુંજ ફાઉન્ડેશન દ્વારા વ્યસનમુક્તિ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. આજે સેક્ટર-૨૧ની પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાના બાળકોને વ્યસનથી થતા ગેરફાયદા અને જોખમો અંગે માહિતગાર કરી ગુંજ ફાઉન્ડેશનના યુવાનોએ બાળકોને જીવનમાં ક્યારેય વ્યસન નહી કરવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે યુવાનો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતનનો અમૂલ્ય સંદેશ પણ બાળકોને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે લોકપ્રિય ટીવી ધારાવાહિક ''સૂરી'.ના કલાકાર જનકભાઈ ઠક્કર તથા વિદ્યા લાયબ્રેરીના પ્રદીપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



વ્યસન એ જીવનની બરબાદી છે. રાષ્ટ્રના યૌવનધનને વ્યસનની ઉધઈ કોતરી બરબાદ કરી રહી છે. ભાવિ પેઢી પણ આ બદીનો ભોગ બની રાષ્ટ્રના ભવિષ્યને અંધકારમય ના બનાવે તે હેતુથી ગુંજ ફાઉન્ડેશનના યુવાનોએ દર સપ્તાહે શહેરની એક પ્રાથમિક શાળામાં વ્યસનના દૂષણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજી બાળકોને વ્યસનથી દૂર રહેવા પ્રેરિત કરવામાં આવે છે. સે. ૨૧ની પગાર શાળામા યોજાયેલ વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમમાં ગુંજ ફાઉન્ડેશનના યુવાનો સાથે 'સૂરી' ટીવી સિરિયલના અદાકાર જનકભાઈ ઠક્કર અને વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલાએ પ્રેરણાત્મક હાજરી આપી બાળકોને વ્યસનના જોખમોથી વાકેફ કર્યા હતા. કાર્યક્રમના અંતે પર્યાવરણની જાળવણી હેતુસર વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના યુવાનોએ બાળકોને બિસ્કીટનું વિતરણ કર્યુ હતુ. આગામી દિવસોમાં શહેરની અન્ય તમામ શાળાઓમાં જાગૃતિ અભિયાન હાથ ધરાશે.



**સાંસદ પરેશ રાવલના હસ્તે રાજપુર, જાખોરા ગામે ઉજ્જવલા યોજના હેઠળ ૨૦ લાભાર્થીને ગેસ કનેકશનનો લાભ**

ભારત સરકારની પ્રધાનમંત્રી ઉજવલા યોજના અંતર્ગત બીપીએલ લાભાર્થીઓને ગેસ કનેકશન નિશુલ્ક પુરા પાડવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના રાજપુર જાખોરા ગામે આજે આ યોજના હેઠળ બીપીએલ યાદીમાં નામ ધરાવતા ૨૦ લાભાર્થી પરિવારોને ગેસ કનેકશન સાંસદ પરેશ રાવલના હસ્તે આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે આર્દશ ગ્રામ યોજના અંતર્ગત ૪૦ હજાર લિટર પીવાના પાણીની નવનિર્મિત ટાંકી તેમજ સ્ટ્રીટલાઈટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, આઈઓસીના એરીયા મેનેજર સહિત અન્ય અગ્રણી આગેવાનો તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in